મૌસમ સુફીયાના - ગાંધીનગરની જાણીતી કલાસંસ્થા કલાગુર્જરી દ્વારા ફિલ્મી અને નોન ફિલ્મી સુફી ગીતોનો ભવ્ય જલસો ટાઉનહૉલ ખાતે યોજાયો હતો. જાણીતા ગાયક કલાકારો દિપ્તી દેસાઈ, મિહીર જાની, અને હર્ષ શાહએ સુફી ગીતો દ્વારા શ્રોતાઓને ડોલાવી દીધા હતા. અમિત ઠક્કરનું સંગીત સંચાલન અને સમ્રાટ દવેનું રસદર્શન પણ કાબિલેદાદ હતું. મોટી સંખ્યામાં ભાવકોએ કાર્યક્રમ માણ્યો હતો.

ગાંધીનગરમાં ત્રણ જીવલેણ અકસ્માત

ધો-૧૦ની બોર્ડની પરીક્ષાનું છેલ્લું પેપર આપવા ત્રણ સવારી જતા વિદ્યાર્થીઓને કારની ટક્કર : એક વિદ્યાર્થીનું મૃત્યુ : ગ-૪ પાસે ટેન્કરના ટાયર નીચે ચગદાઈ જતાં કિશોરનું મોત : ભાટ પાસે થાંભલે બાઈક ઘુસી જતાં યુવાન મોતને ભેટયો : મોતને ભેટેલા ત્રણ પૈકી બે કિશોરોનો સમાવેશ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર ઉપરાંત શહેર નજીકના ભાટ ટોલટેક્ષ પાસે મળીને ત્રણ સ્થળોએ ગંભીર માર્ગ અકસ્માતો સર્જાવા પામ્યા હતાં. જેમાં ત્રણના મૃત્યુ નિપજયા છે. સેકટર-૮ પાસેના વળાંકમાં મોપેડ પર ગઈ કાલે ત્રણ સવારી નીકળેલા ધો-૧૦ના વિદ્યાર્થીઓ છેલ્લુ પેપર આપવા નીકળ્યા હતા તેમને એક કારે અડફેટે લઈ લીધા હતાં. ઘવાયેલા ત્રણ પૈકી એકનું રાત્રે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. તે ઉપરાંત ગ-૪ સર્કલ પાસે ત્રણ કિશોરો બાઈક લઈને જતાં હતા ત્યારે પાણીના ટેન્કરના ટાયર નીચે ચગદાઈ જવાથી એકનું મૃત્યુ થવા પામ્યુ છે અને ભાટ ટોલટેક્ષ જવાના માર્ગ પર થાંભલે બાઈક અથડાઈ જતાં ચાલક યુવાન મોતને ભેટયો હતો. ત્રણ વિવિધ અકસ્માતોમાં થયેલા ત્રણના કમકમાટીભર્યા મોતમાં બે કિશોરોનો સમાવેશ થાય છે.

ગઈ કાલે શનિવારે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું છેલ્લું પેપર હતું. વાવોલ ગામના નારણનગર વિસ્તારમાં આવેલા મકાન નં. ૧૭૬માં રહેતા ૧૫ વર્ષીય ધોરણ-૧૦નો વિદ્યાર્થી અફઝલ શેખ તેનું મોપેડ મહેન્દ્ર ડ્યુરો લઈને બીજા એક મિત્રને સાથે બેસાડી પોતાના ઈન્દ્રોડા ખાતે રહેતા મિત્ર રૂષિક રમણભાઈ પ્રજાપતિને ઘરે લેવા ગયો હતો. સવારે પેપર આપવા માટે રૂષિક અને બીજો એક મિત્ર મળીને અફઝલ ત્રણ સવારી ઈન્દ્રોડાથી કડી સ્કુલમાં પેપર આપવા માટે જવા નીકળ્યો હતો ત્યારે સે-૮ પાસે ઓ.એન.જી.સી. પંપ પાસેના વળાંક પર તેમના મોપેડને એક અજાણી કારના ચાલકે ટકકર મારતા ત્રણેય ફંગોળાઈને ફેંકાઈ ગયા હતાં. અકસ્માત બાદ કાર લઈને ચાલક ફરાર થઈ ગયો હતો. ત્રણેય વિદ્યાર્થીઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતાં. દરમિયાન મોડી રાત્રે અફઝલ શેખનું કરૂણ મોત નિપજયું હતું. જયારે રૂષિકને પગે ફ્રેકચર થઈ ગયું છે.

અકસ્માતના બીજા બનાવમાં સેકટર-૧૩ સી પ્લોટ નં. ૪૯/૨માં રહેતો ૧૬ વર્ષનો કિશોર રાજદિપસિંહ સુખદેવસિંહ સોઢા આઈ.ટી.આઈ. પાછળ આવેલી સરસ્વતી હોસ્ટેલમાં રહેતા તેના બે મિત્રો પાર્થ રમેશચંદ્ર સોલંકી અને શ્રીતેજ દિનેશભાઈ બારડવાલને બાઈક પર બેસાડીને ત્રણ સવારી ગ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો દરમિયાન પાણીના ટેન્કર સાથે તેમને અકસ્માત સર્જાતા ટેન્કરના ટાયર નીચે બાઈક આવી ગયું હતું. જેમાં ત્રણેય કિશોરો ગંભીર રીતે ઘવાતા એપોલો હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જે પૈકી રાજદીપસિંહ સોઢાનું કરૂણ મોત નિપજયું છે જયારે અન્ય બે કિશોરો જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. સે-૭ પોલીસે ઉપરોકત બંને અકસ્માતના ગુનાઓ નોંધીને આરોપીઓને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

ત્રીજો અકસ્માત ગાંધીનગર નજીકના ભાટ ટોલટેક્ષ જવાના માર્ગ પર બનવા પામ્યો હતો. બાઈક લઈને નીકળેલો યુવાન બેધ્યાન થઈ જતાં તેનું બાઈક રસ્તાની સાઈડમાં થાંભલા સાથે ભીડાઈ ગયું હતું. જેમાં તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયું હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે તેની તપાસ આરંભી દીધી છે.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૪ની આજથી પરીક્ષા

ગાંધીનગર જિલ્લામાં ૫૪૧૪ વિદ્યાર્થી બેસશે : જિલ્લાના ૨૬ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે : ૧૦થી વધુ સ્કોવોર્ડ રાઉન્ડ લેશે

ગાંધીનગર, તા.૧૭

આજથી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૪ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. જિલ્લાના ૨૬ પરીક્ષા કેન્દ્રો ખાતે ૫૪૧૪ વિદ્યાર્થીઓ બોર્ડની કસોટી આપશે. ધો-૧૦ બાદ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શાંતિપૂર્ણ અને ભયમુકત વાતાવરણમાં સંપન્ન કરવા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પૂર્ણરૂપે તૈયારીઓ કરી દેવાઈ છે. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સ્થાનિક અને વિજીલન્સ સ્કોવોર્ડ પણ વોચમાં રહેશે.

શહેરમાં ઠંડી ગરમીની બેવડી ઋતુના પ્રભાવ વચ્ચે એકઝામ ફીવર છવાયો છે. પરીક્ષાની મૌસમ શરૂ થતા બોર્ડના વિદ્યાર્થીઓ પણ વિષયલક્ષી રીવીઝનમાં લાગી ગયા છે. સમગ્ર વર્ષની મહેનતને માત્ર ત્રણ કલાકના ટૂંકા ગાળામાં બયાન કરવા પરીક્ષાર્થીઓ એકાગ્ર ચિત્તે તૈયારીમાં ગળાડૂબ બન્યા છે. ધો-૧૦ની પરીક્ષા પૂર્ણ થયા બાદ તા. ૧૮ માર્ચથી ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહના સેમેસ્ટર-૪ની પરીક્ષા શરૂ થનાર છે. જિલ્લામાંથી ૫૪૧૪ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસવાના છે જયારે ૨૬ પરીક્ષા કેન્દ્રો તેમજ ૨૭૫ બ્લોકમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ બોર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષકોની હેલ્પલાઈન તેમજ કંટ્રોલરૂમ શરૂ કરી દેવાયો છે. આ ઉપરાંત જરૂર જણાય તો પરીક્ષાર્થીઓ માટે નિઃશુલ્ક મનોચિકીત્સકની સારવાર ઉપલબ્ધ થાય તે મજબનું પણ આયોજન કરી દેવાયું છે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૪માં પ્રથમ દિવસે ગણિત વિષયની પરીક્ષા લેવાશે. બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ચોરી કે ગેરરીતિના કિસ્સા ન બને તે માટે વિવિધ ૧૦ જેટલી સ્કોવોર્ડ પણ રાઉન્ડ લેશે.

સ્વાઈન ફલુના દર્દીઓ માટે અલગ જ ઓ.પી.ડી. ઉભી કરાશે

ગાંધીનગરમાં સ્વાઈન ફલુથી ૩ ના મૃત્યુ બાદ ચિંતાજનક સ્થિતિ : સિવિલ હોસ્પિટલમાં શરુ થનાર ઓપીડીમાં સારવાર સાથે કાઉન્સીલીંગ પણ થશે

ગાંધીનગર, તા.૧૭

સ્વાઈન ફલુના કેરનો રેલો ગાંધીનગર સુધી પહોંચતા આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા સ્વાઈન ફલુના દર્દીઓ તથા આ રોગને લગતા લક્ષણો ધરાવતા દર્દીઓના સારવાર તથા કાઉન્સેલીંગ માટે અલગ ઓ.પી.ડી. ઉભી કરવામાં આવનાર છે. સ્વાઈન ફલુ ઓ.પી.ડી. ઉભી કરવામાં આવનાર છે. સ્વાઈન ફલુ ઓ.પી.ડી. માટે સ્ટાફ-સ્ટ્રકચરની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. આ ઓ.પી.ડી. ત્રણથી ચાર દિવસમાં શરુ કરી દેવામાં આવે તેવું આયોજન થઈ રહ્યું છે.

ગુજરાતભરમાં સ્વાઈન ફલુ એ હાહાકાર મચાવી દીધો છે ત્યારે તાજેતરમાં જ ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુથી ત્રણ મહિલાઓના મૃત્યુ થતા તંત્ર પણ ચિંતામાં મુકાઈ ગયું છે. તે ઉપરાંત અત્યાર સુધી ૧૫થી વધુ સ્વાઈન ફલુ પોઝીટીવ દર્દીઓ જિલ્લામાં નોંધાતા તંત્ર દોડતું થઈ ગયું છે. જીવલેણ સ્વાઈન ફલુ અન્ય નગરજનોને તેના ભરડામાં ન લઈ લે તેની તકેદારીના ભાગરૂપે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુના દર્દીઓ માટે અલગ જ ઓપીડી ઉભી કરવામાં આવનાર છે. આ ખાસ ઓપીડી માટે પુરતા સ્ટાફને પણ નક્કી કરી દેવામાં આવ્યો છે. ઓ.પી.ડી.માં શંકાસ્પદ સ્વાઈન ફલુના દર્દીઓના ટેસ્ટ લેવા ઉપરાંત સ્કીનીંગ કરીને નિદાન તથા કાઉન્સેલીંગ કરવામાં આવશે તેમ સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. ભરત પટેલે જણાવ્યું છે. સ્વાઈન ફલુના દર્દીઓ માટે આઈશોલેશન વોર્ડ પણ કાર્યરત કરી દેવાયો છે. સ્વાઈન ફલુ ઓપીડી ત્રણથી ચાર દિવસમાં શરુ કરી દેવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

પ્રદેશ ભાજપ છઠ્ઠી એપ્રિલે સ્થાપના દિવસ ઉજવશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત પ્રદેશ ભા.જ.પા. પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવેલું કે, 'આજરોજ ગાંધીનગરમાં ગુજરાત પ્રદેશ ભા.જ.પ.ની બેઠક પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં મળેલ જેમાં મુખ્યમંત્રી

નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, ઉપસ્થિત રહેલ અને માર્ગદર્શન આપેલ. આ બેઠકમાં પ્રદેશના હોદ્દેદારો, જિલ્લાના પ્રમુખ, મહામંત્રીશ્રીઓ, મોરચાના પ્રદેશ હોદ્દેદારો અને વિવિધ આગેવાનો ઉપસ્થિત રહેલ.

આજે યોજાયેલ બેઠકમાં સંગઠનના વિવિધ મુદ્દાઓ અને આગામી કાર્યક્રમોની ચર્ચાઓ હાથ ધરાયેલી. તા. ૨૦મી માર્ચ સુધીમાં દરેક મંડળના અધ્યક્ષોની રચનાનું કાર્ય પૂર્ણ થશે. ૩૦મી માર્ચ સુધીમાં રાજયમાં તમામ જિલ્લાનાં ભા.જ.પા.નાં અધ્યક્ષોની સંરચનાની કાર્યવાહી પૂર્ણ થશે.ત્યારબાદ પ્રદેશ સંગઠનના માળખાની કાર્યવાહી હાથ ધરાશે.

૬ એપ્રિલ ભા.જ.પ.નાં સ્થાપના દિની ઉજવણીના કાર્યક્રમ સ્વરૂપે કર્ણાવતી મહાનગર ખાતે સરદાર પટેલ સ્ટેડિયમમાં કાર્યકર્તાઓનું મહાસંમેલન યોજાશે. રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાજનાથસિંહજીની અધ્યક્ષ તરીકેની વરણી થયા બાદ ગુજરાતનો પ્રથમ પ્રવાસ તા. ૬ એપ્રિલના રોજ થશે અને આ દિવસે કાર્યકર્તા મહાસંમેલનમાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાજનાથસિંઘનું અભિવાદન તેમજ ભા.જ.પા. સ્થાપના દિનની ઉજવણીનો કાર્યક્રમ હાથ ધરાશે. આ ઉપરાંત સમગ્ર ગુજરાતમાં તમામ બુથોમાં ભા.જ.પા.ના કાર્યકર્તાઓ પોતાના ઘરની ઉપર ભા.જ.પા.નો ધ્વજ લહેરાવશે.

શ્રી રાજનાથસિંહજીના અભિવાદન કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતનાં તમામ તાલુકાઓમાંથી કાર્યકર્તાઓ અમદાવાદ ખાતે ઉપસ્થિત રહેશે.

તા. ૨૬ અને ૨૭મીનાં રોજ હોળી-ધૂળેટીના દિવસોમાં હોળી

● અનુસંધાન પાન-૭ પર

Govt. of Delhi Regd. No. 3809(India) www.bhsedelhiboard.net

Board of Higher Secondary Education, Delhi

Regd. Office : Shivkunj Nagar, Burari, Delhi-110084
For information of Central / Contact / Information Office
Sai Kripa Bhawan 8/41, Gawan 202527 (Badaun) U.P.
Regional Office : Chibila Bazar, Madhoganj, Pratapgarh(U.P.)

8th pass can do 10th & 10th can do 12th

Private schools / coaching centres / institutions can also open branch of our board in their area and earn in lacs.
Language of courses : Hindi, English, Urdu and other languages
Our courses are recognised for all over India & Based on NCERT Syllabus.
10th & 12th correspondence course in 6 months only

You can open our branch of Board by paying fee of Rs. 15000/- only | Last Date 20-03-2013

Our board is affiliated by All State / Central Government under Article 14 Act 1921 (NCERT Syllabus are used for all Classes)

All exams will be held between 15-30 April in All over India and results will be declare on 30th June last date for form is 31-03-2013 for outstation upto 25 March, 13

Central Office : A5A/40, SANTRO TOWER, Janak Puri, New Delhi-110058
Help Lines : 08505813851, 09560923062 E-mail : bhse1234@yahoo.com

Sikkim Candidates May contact for Form & Admissions : Sikkim Educational Initiative Near Bethesda Church, By Pass Road, Gangtok - 737101, Sikkim Help Line : 09434357078

આંબે ઝૂલતી કેરી એક મહિનામાં આવશે બજારમાં, પહેલો રાઉન્ડ વહેલો

ખેડૂતોના મતે આ વર્ષે પહેલો રાઉન્ડ વહેલો, બીજો તબક્કો ફેઈલ, ત્રીજામાં અનિશ્ચિતતા

ગાંધીનગર, તા. ૧૭

સૌરાષ્ટ્રમાં કેસર કેરી આંબા પર ઝૂલતી થઈ ગઈ છે. આ વખતે મોરનું આવરણ થયું છે અને આંબા પર સોપારીથી મોટી કેરી જોવા મળે છે. પહેલા તબક્કાની કેરી એપ્રિલની મધ્યમાં બજારમાં આવી જશે. જો કે પાણીની અછત અને વાતાવરણમાં જોવા મળતી અનિશ્ચિતતા બંધારણમાં અવરોધરૂપ બનશે.

આ વર્ષે આંબા પર ત્રણ તબક્કામાં મોર આવ્યો છે. પહેલા તબક્કાના મોરમાંથી ખાખડીનું બંધારણ થઈ ગયું છે અને ફળ સોપારીથી મોટા થઈ ગયા છે. અને આ પાક ૧૫ એપ્રિલ પછી બજારમાં આવી જાય તેવી ગણતરી છે. તાલાલા માર્કેટ યાર્ડના સેક્રેટરી હરસુખભાઈ ઝરસાણિયા કહે છે કે પહેલા તબક્કાનો પાક સારો છે.

વાતાવરણમાં બદલાવ અને પાણીના પ્રશ્નને કારણે બીજો તબક્કો ફેઈલ ગયો છે જ્યારે ત્રીજા તબક્કાના પાક વિશે કહેવું હજી વહેલું છે. ત્રણ સપ્ટેમાં આવરણ હોવાથી લાંબો સમય સુધી પાક બજારમાં આવશે. અસ્થિર હવામાન કેરીના બંધારણમાં અવરોધરૂપ બને છે તેના કારણે કેટલું ઉત્પાદન આવશે તે અંગે કહેવું મુશ્કેલ છે. બીજી તરફ પાણીની સમસ્યા પણ પાકને નડી રહી છે.

તલાલાના સાંગોદર ગામના ખેડૂત હાસમભાઈ જારિયા કહે છે કે અત્યારે આંબાવાડીઓનો નજારો સુખદ છે. ત્રણ સ્ટેપમાં મોર આવ્યા છે. ત્રણ તબક્કામાં આવરણ થયું હોવાથી આવક લાંબા સમય સુધી ચાલુ રહેશે. હવામાન સ્થિર ન હોવાથી પાક પર વિપરીત અસર જોવા મળી છે. તાલાલા પંથકમાં ૩૫-૪૦ ટકા આંબાવાડીઓમાં પાણીની અછતનો પ્રશ્ન ઊભો થયો છે.

કેસર કેરીના પાક માટે સૌરાષ્ટ્ર દુનિયાભરમાં જાણીતું છે. તાલાલા પંથકની કેસર કેરી સૌથી પહેલી બજારમાં આવે છે. ત્યાર બાદ ઊના અને ધારી પંથકને કેરી પાકે છે. ત્રીજા તબક્કામાં વંથલી વિસ્તાર અને સૌથી છેલ્લે કચ્છને કેરીનો સ્વાદ લોકોને માણવા મળે છે. આ તમામ કેરીની ખાસિયત જુદી જુદી હોય છે. એપ્રિલની મધ્યમાં તાલાલા અને એપ્રિલના અંતે ધારીની કેસર કેરી જોવા મળશે.

સંયુક્ત બાગાયત નિયામક ડૉ. ડી.પી. ઠાકોર કહે છે કે પાણીની અતછવાળા આંબાના બગીચાઓમાં ઉત્પાદનને અસર થશે. પાણીની ખેંચને કારણે ફળ સાઈઝમાં નાના થશે પરંતુ સ્વાદની દૃષ્ટિએ મીઠાશમાં વધારો જોવા મળશે. પાણીની ખેંચ અનુભવતા આંબાવાડિયાના ખેડૂતોએ તાત્કાલિક અસરથી કૃપિ સિસ્ટમ અપનાવી ઉત્પાદનની ઘટ નિવારવા પ્રયત્ન કરવો જોઈએ.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૭૧૪૧૯૮૩૬૬

SANGHI CEMENT · KisaN · TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com